# GUJARATI

**PAPER-II**
**AUG-17/06**

Name & Signature of the Invigilator

.............................................

.............................................

OMR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

(in figures as in Hall Ticket)

Roll Number in words : .........................................

.........................................................................

**Time : 1¼ Hours] No. of Printed Pages : 16 [Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or log table etc., is prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધાજ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવરપૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછી થી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં ઓવલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ :** (A) ● (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિન્હકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્કયુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

7. ચિનુ મોદીની કઈ કૃતિ નથી?

(A) બાહુક
(B) શ્વેતસમુદ્રો
(C) સાયુજ્ય
(D) ઊર્ણનાભ

8. 'મયૂરાનંદ' કયા સર્જકનું ઉપનામ છે?

(A) ત્રિભુવનદાસ લુહાર
(B) ચુનીલાલ વર્ધમાન શાહ
(C) પીતાંબર પટેલ
(D) વિજયરાય વૈદ્ય

9. 'ફાર્બસ સાહિત્ય સભા' સંસ્થા કયા સ્થળે છે?

(A) મુંબઈ
(B) અમદાવાદ
(C) વડોદરા
(D) રાજકોટ

10. 'ચિત્તક્ષોભ કાવ્યનું જીવાતુભૂત તત્વ છે.' આ વિચાર કોણે રજૂ કર્યો?

(A) નવલરામ
(B) રમણભાઈ નીલકંઠ
(C) વિજયરાય વૈદ્ય
(D) નરસિંહરાવ

11. કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :

(1) ઊપડી ડમણી
(2) વળાવી બા આવી
(3) છેલ્લું દર્શન
(4) વધામણી

(A) 1, 2, 3, 4
(B) 2, 3, 1, 4
(C) 4, 3, 2, 1
(D) 3, 2, 4, 1

12. કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :

(1) વિઘટન
(2) ભવ્યતા
(3) અનુકરણ
(4) વસ્તુલક્ષી સહસંબંધક

(A) 1, 2, 3, 4
(B) 3, 2, 4, 1
(C) 4, 2, 3, 1
(D) 4, 3, 2, 1

# GUJARATI
# ગુજરાતી
## PAPER - II
## પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice/Assertion + questions/ Matching questions. Each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના બે (૨) ગુણ છે.

---

1. 'તમે જાણો વિષયરસ ગાયો, મારો હરિ શું પ્રેમ ઊભરાય.' આ કાવ્યપંક્તિ કયા કવિની છે?

   (A) નરસિંહ (B) દયારામ

   (C) અખો (D) મીરાં

2. 'વિદ્યાવિલાસ પવાડુ' ના રચયિતા કોણ છે?

   (A) વિનયપ્રભ (B) હીરાણંદ

   (C) વિજયસેન (D) ધર્મસૂરિ

3. ભાલણની કઈ કૃતિ નથી?

   (A) ધ્રુવાખ્યાન (B) જાલંધર આખ્યાન

   (C) કર્પુરમંજરી (D) શિવ–ભીલડી સંવાદ

4. બારમાસી પ્રકારની કઈ કૃતિ છે?

   (A) સુરતસંગ્રામ (B) પ્રબોધપ્રકાશ

   (C) પંચીકરણ (D) નેમિનાથ ચતુષ્પાદિકા

5. 'ફૂલણજીની ગરબી' કયા કવિની રચના છે?

   (A) દલપતરામ (B) નર્મદ

   (C) દયારામ (D) વલ્લભ મેવાડો

6. 'નૃસિંહાવતાર' કયા સ્વરૂપની કૃતિ છે?

   (A) આખ્યાન (B) નાટક

   (C) જીવનચરિત્ર (D) ખંડકાવ્ય

13. કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :

(1) વિરાટપર્વ

(2) રેવંતગિરિ રાસુ

(3) પંચપાંડવચરિતરાસ

(4) સપ્તક્ષેત્રિરાસ

(A) 3, 4, 2, 1 (B) 1, 3, 4, 2

(C) 2, 4, 3, 1 (D) 2, 3, 1, 4

14. કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :

(1) મનસુખ સલ્લા

(2) સ્વામી આનંદ

(3) ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ

(4) ભાનુશંકર વ્યાસ

(A) 3, 2, 4, 1 (B) 2, 3, 1, 4

(C) 1, 2, 4, 3 (D) 2, 4, 1, 3

15. કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :

(1) સાદી ભાષા, સાદી કડી, સાદી વાત વિવેક

(2) કાનુડો ન જાણે મારી પીડ

(3) જે ગમે જગતગુરુદેવ જગદીશને

(4) આઠ કૂવાને નવ વાવડી રે લોલ

(A) 2, 3, 4, 1 (B) 4, 3, 2, 1

(C) 1, 2, 3, 4 (D) 3, 2, 1, 4

16. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) મદભરનૈનાં, હૃદયપલટો, મશહૂર ગવૈયો

(B) સમ્રાટ ચન્દ્રગુપ્ત, પ્રિયદર્શી અશોક, આંસુની મૂર્તિ

(C) વાઘજી, કુન્તી, દુઃખબા

(D) જીવનપંથ, જીવનરંગ, જીવનયાત્રા

17. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) ચન્દ્રકાન્ત બક્ષી : ઝિન્દાની, અયનવૃત્ત, અતીતવન

(B) મધુરાય : કલ્પતરુ, અનુસંધાન, કિમ્બલરેવન્સવૂડ

(C) કિશોર જાદવ : સૂર્યારોહણ, હુતાશન, પ્રાગૈતિહાસિક અને શોકસભા

(D) રાધેશ્યામ શર્મા : વંશ, સ્વપ્નતીર્થ, ફેરો

18. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) તૃણનોગૃહ, અશ્વત્થ, વ્યાકુળ વૈષ્ણવ, વિસ્મય

(B) ધ્વનિ, શાંત કોલાહલ, આંદોલન, શ્રુતિ

(C) તમસા, વહેતાં વૃક્ષ પવનમાં, ફૂટપાથ અને શેઢો, વાંસ થકી વહાવેલી

(D) અડવાપચીસી, અટકળ, હસ્તપ્રત, અચાનક

19. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) પૈગમ્બર, રૂમાલ, ગુનેગાર, આબોહવા

(B) નરશ્રેષ્ઠ, લોકોત્તર, કવિવર, સિદ્ધહસ્ત

(C) શીતોદક, સુજન, ભવસાગર, નરોત્તમ

(D) દશાનન, ચતુર્મુખ, કૃતાર્થ, કૃતકૃત્ય

20. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) ય, ર, લ, વ

(B) શ, ષ, સ, ક્ષ

(C) ક, ચ, ટ, દ

(D) ણ, ન, મ, વ

21. નીચેનામાંથી વિસંગત જૂથ જણાવો :

(A) જળને પડદે, ધૂળનો સૂરજ, અંગુલિમાલ, પશુપતિ

(B) સંઘમિત્રા, પ્રેમકુંજ, વિશ્વગીતા, જયાજયંત

(C) ડાયલનાં પંખી, જે નથી તે, કોલબેલ, હુકમ, માલિક

(D) પાંજરાપોળ, ધરાગુર્જરી, મૂંગી સ્ત્રી, પરમ માહેશ્વર

22. નીચેનામાંથી વિસંગત જૂથ જણાવો :

(A) ચહેરા ભીતર ચહેરા, નંદ સામવેદી, હેત અને હળવાશ, વહાલ અને વિનોદ

(B) જનાન્તિકે, રમ્યાણિ વીક્ષ્ય, ઈદમ્ સર્વમ્, અહોબત કિમ્ આશ્ચર્યમ્

(C) એકાંતના આકાશમાં, નિરખને ગગનમાં, કાર્ડિયોગ્રામ, બત્રીસ કોઠે દીવા

(D) ગાતાં ઝરણાં, વેણુરવ, બહુસ્યામ, વૃક્ષાલોક

23. નીચેનામાંથી વિસંગત જૂથ જણાવો :

(A) ગાંધીજી, સર્વોદય, મંગલપ્રભાત, નવજીવન

(B) બ.ક.ઠા, રેહના તૈયબજી, The heart of Gopi, ગોપી હૃદય

(C) નરસિંહરાવ, શેલી, The cloud, મેઘ

(D) નવલરામ, મેઘછંદ, 'મેઘદૂત' નું ભાષાંતર, બુદ્ધચરિત

24. નીચેનામાંથી વિસંગત જૂથ જણાવો :

(A) વડે, વતી, કાજે, જરૂર

(B) અત્યારે, હમણાં, સદા, કદી

(C) ને, એ, થી, માં

(D) જ, તો, ય, જી

25. નીચેનામાંથી વિસંગત જૂથ જણાવો :

(A) ભેખડ, વિક્રિયા, અગનઝાળ, નેળિયું

(B) સંગવટો, અમરચાંદલો, માવતર, અપનો પારસ આપ

(C) અણસાર, માટીનું ઘર, શગ રે સંકોરું, ખરી પડેલો ટહુકો

(D) હુતાશન, વાંસનો અંકુર, કાદંબરીની મા, એક ડાળી મીઠી

26. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો :

(A) બધાં કૃદન્તો ક્રિયાનાં રૂપો હોય છે.

(R) બધાં ક્રિયારૂપો કૃદન્તો હોય છે.

(A) વિધાન (A) અને (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) સાચું અને (R) ખોટું છે.

(C) વિધાન (A) ખોટું અને (R) સાચું છે.

(D) વિધાન (A) અને (R) બન્ને ખોટાં છે.

27. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) 'સૂરત શહેર તાપી ઉપર આવેલું છે.' આ વાકય શુદ્ધાલક્ષણાનું દૃષ્ટાંત છે.

(R) સૂરત અને તાપી વચ્ચે સામીપ્યનો સંબંધ છે.

(A) વિધાન (A) અને (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું છે અને (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું છે અને (R) સાચું છે.

28. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) 'કાળી ધોળી રાતી ગાય' કાવ્યપંક્તિ ચોપાઈ છંદમાં છે.

(R) ચોપાઈ છંદમાં ૧૫ માત્રા હોય છે.

(A) વિધાન (A) અને (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું છે અને (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું છે અને (R) સાચું છે.

29. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) 'અમે રે સૂકું રૂનું પૂમડું/તમે અત્તર રંગીલા રસદાર' રૂપક અલંકારનું દૃષ્ટાંત છે.

(R) રૂપક અલંકારમાં ઉપમેયની ઉપમેય સાથે સરખામણી કરવામાં આવે છે.

(A) વિધાન (A) અને (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું છે અને (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું છે અને (R) સાચું છે.

30. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) નર્મદે 'સુરતસંગ્રામ' નામે રચના કરી હતી.

(R) નર્મદના સમયમાં સુરત શહેરમાં મોટો સંગ્રામ થયો હતો.

(A) વિધાન (A) અને (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું છે અને (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું છે અને (R) સાચું છે.

31. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) એક વસ્તુ પર અન્ય વસ્તુનો આરોપ કરવામાં આવે ત્યારે સારોપા લક્ષણા બને છે.

(બ) 'ઔષધ એ જ આયુષ્ય છે' આ દૃષ્ટાંત સારોપા લક્ષણાનું છે.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.

32. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'નંદપર્વ' ભગીરથ બ્રહ્મભટ્ટનો નિબંધસંગ્રહ છે.

(બ) 'પ્રકૃતિપર્વ' ચન્દ્રકાન્ત શેઠનો નિબંધસંગ્રહ છે.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.

33. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) હરિગીત અક્ષરમેળ છંદ છે.

(બ) હરિણી છંદના ૧૭ અક્ષર હોય છે.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું છે અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું છે અને (બ) સાચું છે.

34. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'ત્રિભુવનદીપકપ્રબંધ' જયશેખરસૂરિનું રૂપકકાવ્ય છે.

(બ) 'ત્રિભુવનદીપકપ્રબંધ' સંસ્કૃત કાવ્ય 'પ્રબોધચિંતામણિ' નું ગુજરાતી રૂપાંતર છે.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.

35. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) સુરેશ જોશીએ ફાલ્ગુની, ગ્રંથ, વાણી, સમીપે જેવાં સામયિકોનું સંપાદન કર્યું છે.

(બ) વિજયરાય વૈદ્યે ચેતન, કૌમુદી, ક્ષિતિજ, સેતુ જેવાં સામયિકોનું સંપાદન કર્યું છે.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.

36. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) લોકવાઙ્મય | (1) બિપિન આશર |
| (*b*) લોકસાહિત્ય ભણી | (2) પિનાકિની પંડયા |
| (*c*) મોટિફ : આઈરિશ અને ભારતીય લોકકથા સંદર્ભે | (3) જયાનંદ જોશી |
| (*d*) લગ્નગીતો : એક સ્વાધ્યાય | (4) કનુભાઈ જાની |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 4 | 1 | 2 | 3 |
| (D) | 1 | 3 | 4 | 2 |

37. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) ગુજરાતી રૂપરચના | (1) પ્રબોધ પંડિત |
| (*b*) પચરંગી સમાજમાં ભાષા | (2) કે.કા. શાસ્ત્રી |
| (*c*) ભાષાશાસ્ત્રની કેડીએ | (3) ભારતી મોદી |
| (*d*) ધ્વનિ સ્વરૂપની વિભાવનાનો વિકાસ | (4) ઊર્મિ દેસાઈ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 2 | 1 | 4 | 3 |
| (C) | 1 | 3 | 4 | 2 |
| (D) | 2 | 3 | 1 | 4 |

38. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) ડારવીનનો પિતરાઈ | (1) દશરથ પરમાર |
| (b) ચુડેલનો વાંસો | (2) કિરીટ દૂધાત |
| (c) લીલ | (3) હિમાંશી શેલત |
| (d) ત્રીજું ઘર | (4) માય ડિયર જયુ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 3 | 2 | 4 | 1 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 1 | 2 | 3 | 4 |
| (D) | 4 | 3 | 2 | 1 |

39. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) મનુ કાગડો છે | (1) લક્ષણલક્ષણા |
| (b) ચાર મળે ચોટલા | (2) સાધ્યવસાના શુદ્ધા લક્ષણા |
| (c) મુંબઈ દરિયા પર વસેલું નગર છે. | (3) સારોપા ગૌણી લક્ષણા |
| (d) પાણી દર્શાવી કહીએ : 'આ જીવન છે.' | (4) ઉપાદાન લક્ષણ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 1 | 2 | 3 | 4 |
| (D) | 3 | 2 | 4 | 1 |

40. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (*a*) | ગુજરાતીમાં વિવેચન તત્વવિચાર | (1) | હીરાબહેન પાઠક |
| (*b*) | આપણું ગુજરાતી વિવેચન | (2) | પ્રમોદકુમાર પટેલ |
| (*c*) | કાવ્યવિવેચન | (3) | ચન્દ્રકાન્ત ટોપીવાળા |
| (*d*) | વિવેચનનો વિભાજિત પટ | (4) | ડોલરરાય માંકડ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 1 | 4 | 3 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 3 | 1 | 4 | 2 |

41. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (*a*) | Classical Poets of Gujarat | (1) | કે.એમ. મુનશી |
| (*b*) | Gujarati language and literature | (2) | પ્રબોધ પંડિત |
| (*c*) | Gujarat and its literature | (3) | નરસિંહરાવ દિવેટિયા |
| (*d*) | India as a socio Languistic Area | (4) | જી.એમ. ત્રિપાઠી |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 2 | 1 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 4 | 1 | 2 | 3 |
| (D) | 4 | 3 | 1 | 2 |

42. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) કાવ્યપદ | (1) રાધેશ્યામ શર્મા |
| (b) કાવ્યયોગ | (2) સુમન શાહ |
| (c) કાવ્યસંદર્ભ | (3) બિપિન આશર |
| (d) કાવ્યસંકેત | (4) નીતિન વડગામા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 1 | 2 | 4 | 3 |
| (C) | 2 | 4 | 3 | 1 |
| (D) | 2 | 1 | 3 | 4 |

43. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) શોણિતપુર | (1) ઓખાહરણ |
| (b) વિજયનગર | (2) સંદેશક રાસ |
| (c) ચંપાનગરી | (3) કર્પુરમંજરી |
| (d) પટણા | (4) જંબુસ્વામી ફાગુ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 2 | 4 | 1 | 3 |
| (D) | 1 | 3 | 4 | 2 |

44. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (a) | આનંદસૂરિ | (1) | દીપનિર્વાણ |
| (b) | લ્યુસી | (2) | પાટણની પ્રભુતા |
| (c) | કૃષ્ણા | (3) | આકાર |
| (d) | બુલબુલ | (4) | ભારેલો અગ્નિ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 2 | 3 | 4 | 1 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 3 | 4 | 2 | 1 |
| (D) | 1 | 2 | 3 | 4 |

45. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II | |
|---|---|---|---|
| (a) | કેમ વરું અસુરની કન્યા | (1) | દમયંતી |
| (b) | સહેજો મામીની ગાળ | (2) | અનિરુદ્ધ |
| (c) | કે ભાભી અમારાં વઢકણાં | (3) | સુદામા |
| (d) | પાપણીઓ પરમેશ્વર પૂછશે | (4) | કૃષ્ણ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 2 | 1 |
| (B) | 1 | 2 | 3 | 4 |
| (C) | 2 | 1 | 4 | 3 |
| (D) | 2 | 4 | 3 | 1 |

નીચેનું કાવ્ય વાંચીને આપેલા પ્રશ્નોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો (46 to 50) :

અસવાર શ્વેત પાંખાળા ઘોડે બેસીને પૂરપાટ
રમવા આવ્યા રે ચોપાટ...
ઝરૂખડા ઝૂરી ઝૂરી જોતા'તા જેની વાટ
રમવા આવ્યા રે ચોપાટ...
મરકત ઊભા ભાળી વાલમ ભીંતો ગઈ હરખાઈ
મેડી માળિયા સોતી મારી જાત રહી છલકાઈ
ઝૂલે ઓરતા અવસર ઝૂલે ઝૂલો હિંડોળા પાટ,
રમવા બેસો રે ચોપાટ...
અવળી પડતી કોડી તોય રસવર રમતા વટમાં,
એ જ અદા પર હારી, શું હું દાણા નાખું પટમાં?
ઝગમગ ઝગમગ દીવો ઝગેને ઝલમલ ઝલમલ વાટ
રમવા આવ્યા રે ચોપાટ...
બાજી રંગભર રહી અધૂરી હણ હણ આવ્યાં તેડાં
નહીં ઘોડો, અસવાર નહીં, તગતગતા કાળા છેડા
એક આંખમાં સપનું તોળું બીજી આંખ ઉચાટ
રમવા આવ્યા'તા ચોપાટ.

46. કાવ્યમાં કાવ્યનાયિકા કોની પ્રતીક્ષા કરતી હતી?
(A) સખી
(B) સહપાઠી
(C) શ્વેત અસવાર
(D) પ્રિયજન

47. કાવ્યમાં પ્રયોજાયેલ 'ભાળી' શબ્દ કઈ બોલીનો છે?
(A) સૂરતી
(B) સૌરાષ્ટ્રી
(C) કચ્છી
(D) પટ્ટણી

48. 'ભીંતો ગઈ હરખાઈ' માં કયો અલંકાર છે?
(A) અતિશયોક્તિ
(B) ઉપમા
(C) સજીવારોપણ
(D) સ્વભાવોક્તિ

49. કવિએ કાવ્યમાં કઈ પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે?
(A) સ્વપ્ન
(B) ફ્લેશ બેક
(C) ફ્લેશ ફોરવર્ડ
(D) મોન્ટાજ

50. કાવ્યનું યોગ્ય શીર્ષક કયું હોઈ શકે?
(A) પ્રતીક્ષા
(B) વાલમનો વટ
(C) સમણાખ્યાન
(D) ચોપાટ

ROUGH WORK

SEAL